# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-05-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ઓપરેશન સિંદૂરે વિશ્વભરમાં આતંકવાદ સામેની લડાઈમાં નવો ઉત્સાહ જગાવ્યો.

2) મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ વન અધિકારીઓના પદો પર મોટી સંખ્યામાં મહિલાઓની ભરતી કરનાર ગુજરાતને દેશનું પ્રથમ રાજ્ય ગણાવ્યું

3) પ્રધાનમંત્રી આવતીકાલથી બે દિવસ ગુજરાતનાં પ્રવાસે-ભુજ, દાહોદ અને ગાંધીનગરમાં 82 હજાર કરોડથી વધુના વિકાસ કાર્યોની ભેટ આપશે

4) NDAના મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓની નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ.

5) નીતિ આયોગના મુખ્ય કાર્યકારી અધિકારીએ કહ્યું- ભારત જાપાનને પાછળ છોડીને વિશ્વનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બન્યું.

6) IPLમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ચેન્નાઈ સુપર કિંગ્સે ગુજરાત ટાઈટન્સને 83 રને હરાવ્યું.

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# Mann Ki Baat-Final

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ઓપરેશન સિંદૂર એ વિશ્વભરમાં આતંકવાદ સામેની લડાઈમાં નવો ઉત્સાહ જગાવ્યો છે. આકાશવાણી પરથી મન કી બાત કાર્યક્રમમાં શ્રી મોદીએ કહ્યું કે ઓપરેશન સિંદૂર માત્ર એક લશ્કરી મિશન નથી પરંતુ રાષ્ટ્રના સંકલ્પ અને હિંમતનું પ્રતીક છે.

(BYTE : PM ON OPERATION SINDOOR)

શ્રી મોદીએ દરેકને સ્વદેશી ઉત્પાદનોને પ્રાથમિકતા આપવા વિનંતી કરી. પ્રધાનમંત્રીએ કહ્યું કે ઓપરેશન સિંદૂરથી સમગ્ર દેશમાં દેશભક્તિની ભાવના જાગી અને દેશ ત્રિરંગાથી રંગાઈ ગયો.

પ્રધાનમંત્રીએ કહ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન સ્વદેશી શસ્ત્રોએ વિશ્વને પોતાની તાકાત બતાવી છે.

(BYTE : PM ON VOCAL FOR LOCAL)

પ્રધાનમંત્રીએ કહ્યું કે માત્ર પાંચ વર્ષમાં, ગુજરાતના ગીરમાં સિંહોની સંખ્યામાં પ્રોત્સાહક વધારો થયો છે. સિંહોની સંખ્યા ૬૭૪ થી વધીને ૮૯૧ થઈ છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે ગુજરાત પહેલું રાજ્ય બન્યું જ્યાં મહિલાઓને વન અધિકારીઓના પદો પર મોટા પાયે નિયુક્ત કરવામાં આવી હતી. તેમણે વન્યજીવન સંરક્ષણ પ્રત્યે જાગૃત અને સતર્ક રહેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

(BYTE : PM ON WOMEN FOREST OFFICER)

# NDA

રાષ્ટ્રીય લોકશાહી ગઠબંધન- NDAના મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓએ આજે નવી દિલ્હીમાં એક દિવસની બેઠક યોજી હતી. આ બેઠકની અધ્યક્ષતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કરી હતી. ભાજપના સુશાસન વિભાગ દ્વારા આયોજિત આ બેઠકમાં સુશાસનના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

ભાજપ પ્રમુખ જગત પ્રકાશ નડ્ડા, ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા. NDA શાસિત તમામ 20 રાજ્યોના 20 મુખ્યમંત્રીઓ અને 18 નાયબ મુખ્યમંત્રીઓએ સુશાસનના મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. બેઠક બાદ પત્રકારો સાથે વાત કરતા ભાજપ પ્રમુખ જગત પ્રકાશ નડ્ડાએ જણાવ્યું હતું કે આ બેઠકમાં બે ઠરાવ પસાર કરવામાં આવ્યા હતા,

(બાઇટ- જગત પ્રકાશ નડ્ડા)

આ પરિષદમાં, નેતાઓએ વિવિધ NDA શાસિત રાજ્ય સરકારો દ્વારા અપનાવવામાં આવેલી શ્રેષ્ઠ પ્રથાઓની પણ ચર્ચા કરી. આ પ્રસંગે, સંબંધિત રાજ્યોના મુખ્યમંત્રીઓએ તેમની વિવિધ પહેલો પર માહિતી આપી હતી. બેઠકમાં આગામી કાર્યક્રમોની પણ ચર્ચા કરવામાં આવી.

# PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી બે દિવસ ગુજરાતની મુલાકાતે આવશે. તેઓ દાહોદ, ભુજ અને ગાંધીનગરમાં 82 હજાર 950 કરોડથી વધુના વિકાસ કાર્યોની ભેટ આપશે. આ પ્રવાસ દરમિયાન શ્રી મોદી વડોદરા, ભુજ, અમદાવાદ અને ગાંધીનગર એમ ચાર શહેરોમાં રોડ શો યોજશે.

અમારા સંવાદદાતા જણાવે છે કે, પ્રધાનમંત્રી આવતીકાલે સૌપ્રથમ દાહોદમાં ભારતીય રેલવેનો લોકોમોટિવ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ રાષ્ટ્રને સમર્પિત કરશે અને એક 9000 હોર્સ પાવરના ઇલેક્ટ્રિક લોકોમોટિવ ઇંજિનને લીલી ઝંડી આપશે. શ્રી મોદી દાહોદમાં વેરાવળ અને અમદાવાદ વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ અને વલસાડ અને દાહોદ સ્ટેશનો વચ્ચે એક્સપ્રેસ ટ્રેન સહિતની વિવિધ રેલ પરિયોજના સહિત ગુજરાત સરકારના 24,000 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકામોનો પ્રારંભ કરાવશે.

ત્યાર બાદ શ્રી મોદી ભુજમાં ₹53 હજાર કરોડથી વધુના અને બીજા દિવસે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ₹5 હજાર 536 કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

એક રિપોર્ટ

*દાહોદમાં પ્રધાનમંત્રી આણંદ - ગોધરા, મહેસાણા પાલનપુર, રાજકોટ - હડમતીયા રેલ લાઇનના ડબલિંગ કામ, સાબરમતી - બોટાદ 107 કી.મી. રેલ લાઈન ઇલેક્ટ્રિફિકેશન અને કલોલ - કડી - કટોસણ રેલ લાઈન ગેજ પરિવર્તનના કામો સહિત રેલવેના કુલ ₹23, હજાર કરોડથી વધુના કામોનું લોકાર્પણ કરશે. પ્રધાનમંત્રીના હસ્તે દાહોદમાં ₹181 કરોડની પીવાના પાણીની ચાર જેટલી સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનાઓનું લોકાર્પણ થશે જેનાથી મહીસાગર અને દાહોદ જિલ્લાના 193 ગામોને પીવાનું શુદ્ધ પાણી મળશે. આ ઉપરાંત પ્રધાનમંત્રી દાહોદ સ્માર્ટ સિટી અંતર્ગત દાહોદમાં નગરપાલિકા ભવન, આદિવાસી મ્યુઝિયમ સહિત જનસુખાકારીના ₹233 કરોડના વિકાસ કામો જનસમર્પિત કરશે. વડોદરા જિલ્લામાં સાવલી - ટીંબા માર્ગને ચાર માર્ગીય બનાવવા, સહિતના રસ્તા પુલ નિર્માણના ₹581 કરોડના કામોનું ખાતમુહૂર્ત પણ કરાશે. પ્રધાનમંત્રી ભુજ ખાતેથી કચ્છ, જામનગર, અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ, અમદાવાદ, તાપી અને મહિસાગર જિલ્લાને વિવિધ વિકાસકાર્યોની ભેટ આપશે અપર્ણા ખૂંટ //આકાશવાણી સમાચાર //અમદાવાદ*

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# IPL

ઇન્ડિયન પ્રીમિયર લીગ IPL ક્રિકેટમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ચેન્નાઈ સુપર કિંગ્સે ગુજરાત ટાઈટન્સને 83 રને હરાવ્યું. પહેલા બેટિંગ કરતાં , ચેન્નાઈ સુપર કિંગ્સે નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટે 230 રન બનાવ્યા હતા. જેના જવાબમાં ગુજરાત ટાઈટન્સની ટીમ માત્ર 147 રનમાં ઓલઆઉટ થઈ હતી.

બીજી મેચ, સનરાઇઝર્સ હૈદરાબાદ અને કોલકાતા નાઈટ રાઇડર્સ વચ્ચે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાઈ રહી છે. છેલ્લા મળતાં અહેવાલ મુજબ, સનરાઇઝર્સ હૈદરાબાદે 5 ઓવરમાં વિના વિકેટે 66 રન કર્યા છે.

# BIHAR- LALU PRASAD

રાષ્ટ્રીય જનતા દળના પ્રમુખ લાલુ પ્રસાદ યાદવે આજે તેમના મોટા પુત્ર અને પૂર્વ મંત્રી તેજ પ્રતાપ યાદવને અયોગ્ય પ્રવૃત્તિ અને બેજવાબદાર વર્તન બદલ છ વર્ષ માટે પક્ષમાંથી હાંકી કાઢ્યા છે.

શ્રી લાલુએ સોશિયલ મીડિયા સંદેશમાં આ માહિતી આપી. અગાઉ, શ્રી તેજ પ્રતાપ યાદવની કથિત મહિલા મિત્ર સંબંધિત એક પોસ્ટ સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ વિવાદ થયો હતો.

તેમણે વધુમાં કહ્યું કે શ્રી તેજ પ્રતાપનું આચરણ પારિવારિક મૂલ્યો અને પાર્ટીના સિદ્ધાંતોની વિરુદ્ધ છે.

# DELHI POLICE

દિલ્હી પોલસે ગેરકાયદે વસવાટ કરતાં નવ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરી છે. ધરપકડ દરમિયાન, આ નાગરિકો પાસેથી પ્રતિબંધિત IMO એપ્લિકેશનથી સજ્જ એક સ્માર્ટ ફોન જપ્ત કરવામાં આવ્યો છે. તેઓ કૂચ બિહાર સરહદ પરથી ગેરકાયદે ભારતમાં પ્રવેશ્યા હોવાનું તપાસ દરમ્યાન સામે આવ્યું છે.ઉત્તર પશ્ચિમ દિલ્હીના નાયબ પોલીસ કમિશનર ભીષ્મ સિંહે જણાવ્યું કે આ ધરપકડ દિલ્હીમાં અનધિકૃત રહેતા વિદેશી નાગરિકો સામે કાર્યવાહીના પ્રયાસોનો એક ભાગ છે.

# INDIA-ECONOMY

નીતિ આયોગના મુખ્ય કાર્યકારી અધિકારી બીવીઆર સુબ્રહ્મણ્યમે કહ્યું છે કે ભારત જાપાનને પાછળ છોડીને વિશ્વનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે. નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠક બાદ નવી દિલ્હીમાં માધ્યમોને સંબોધતા ડૉ. સુબ્રહ્મણ્યમે કહ્યું કે ભારતનું અર્થતંત્ર ચાર ટ્રિલિયન ડોલરને પાર કરી ગયું છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આગામી બે થી ત્રણ વર્ષમાં ભારત ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે.

# himachal-flood

ગઈકાલે સાંજે હિમાચલ પ્રદેશના કુલ્લુ જિલ્લાના નિરમંડ વિસ્તારના જગાતખાનામાં વાદળ ફાટવાથી પૂર આવ્યું હતું. પૂરને કારણે રસ્તાની બાજુમાં પાર્ક કરેલા કેટલાક વાહનો પાણીમાં તણાઈ ગયા હતા. નિરમંડનાં એસડીએમ મનમોહન શર્માએ જણાવ્યું હતું કે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ 12 થી વધુ વાહનોને નુકસાન થયું છે. પૂરના પાણી વિસ્તારના ઘણા ઘરોમાં ઘૂસી ગયા હતા, જેના કારણે ઘણું નુકસાન થયું હતું. વિસ્તારમાં કરા પડવાથી સફરજનના પાકને પણ નુકસાન થયું છે.

# MALDIVES-FM-VISIT

માલદીવના વિદેશ મંત્રી ડૉ. અબ્દુલ્લા ખલીલ આજથી ત્રણ દિવસના ભારત પ્રવાસે આવશે. ડૉ. ખલીલ આવતીકાલે વ્યાપક આર્થિક અને દરિયાઈ સુરક્ષા ભાગીદારી પર ભારત-માલદીવ વિઝન દસ્તાવેજના અમલીકરણમાં પ્રગતિ અંગે બીજી ભારત-માલદીવ ઉચ્ચ સ્તરીય સમૂહની બેઠકમાં ભાગ લેશે. તેઓ વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સાથે દ્વિપક્ષીય ચર્ચા પણ કરશે.

# RUSSIA-UKRAINE

રશિયાએ કરેલા મિસાઇલ અને ડ્રોન હુમલામાં યુક્રેનમાં ત્રણ બાળકો સહિત 12ના મોત અને કેટલાક ઇજાગ્રસ્ત થયા છે. યુક્રેનની વાયુસેનાના જણાવ્યા અનુસાર, 56 ક્રુઝ મિસાઇલ, નવ બેલિસ્ટિક મિસાઇલ, અને 298 કોમ્બેટ ડ્રોનથી આ હુમલો કરાયો હતો.દરમ્યાન યુક્રેને તેના સાથી દેશોને યુદ્ધવિરામ માટે રશિયા પર વધુ દબાણ લાવવા વિનંતી કરી છે.